વંચાણમાં:- આચાર્યઅને ડીનશ્રી,ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારીના તા.૬.૮.૨૦૨૪ના અંગ્રેજી પત્ર ક્રમાંક ACN/D-2/10005-006/2024

# ◈કાર્યાલય આદેશ◈

નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળનો બાયોટેકનોલોજી વિભાગ તેના વહીવટી, હિસાબી, શૈક્ષણિક તથા તાંત્રિક કામગીરીઓના સંચાલન સાથે અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના નિયંત્રણ હેઠળ કાર્યરત છે. વંચાણમા લીધેલ પત્રની વિગતોને ધ્યાને લઈ ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારીમાં ચાલતા મોલેક્યુલર બાયોલોજી એન્ડ બાયોટેકનોલોજી અભ્યાસક્રમોના સુચારુ સંચાલન માટે, શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓને શ્રેષ્ઠ બનાવવા તેમજ યુનિવર્સિટીના વ્યાપક હિતમાં અત્રેથી બીજો આદેશ ન થાય ત્યાં સુધી અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના નિયંત્રણ હેઠળ કાર્યરત બાયોટેકનોલોજી વિભાગને તેની યોજનાઓમાં મંજુર થયેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક મહેકમ, વિકાસ ખર્ચ (પ્લાન)/ સ્થાયી ખર્ચ(નોન પ્લાન), આઈ.સી.એ.આર., અધર એજન્સી, રીવોલ્વીંગ ફંડ, સહિતની તમામ યોજનાઓ સહીત અસ્પી બાગાયત મહાવિદ્યાલયના નિયંત્રણમાંથી મુકત કરી **આચાર્ય અને ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી**ના નિયંત્રણ હેઠળ મુકવાના આદેશ કરવામાં આવે છે.

અસ્પી બાગાયત મહાવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ ખાતે ચાલતી યોજનાઓમાં મંજુર થયેલ સ્ટાફ સહિત તમામ શૈક્ષણિક, વહીવટી, હિસાબી અને તાંત્રિક કામગીરી **આચાર્ય અને ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારી**ના નિયંત્રણ હેઠળ કરવાની રહેશે.

આચાર્ય અને ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ.,નવસારીના ખાતે **બાયોટેકનોલોજી વિભાગના વડા તરીકે ડો.રીતેશ કનુભાઇ પટેલ, સહ પ્રાધ્યાપકને નિયુકત કરવામાં આવે છે.**

પ્રસ્તૃત આદેશઆ શાખાની નોધ ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષના અનુસ્નાતક પ્રવેશની કામગીરી શરુ થઇ ગયેલ હોવાથી શૈક્ષણિક કામગીરીની અગત્યતાને ધ્યાને લઇ તેનો તાત્કાલિક અસરથી બિનચૂક કરવાનો રહેશે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/**૬૩૫૬-૪૦૫/** ૨૦૨૪
નવસારી તા.૨૦.૦૮.૨૦૨૪

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

૧. આચાર્ય **અને ડીનશ્રી**, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી તરફ જાણ તથા
૨/- આ સાથે બાયોટેકનોલોજી વિભાગના વિકાસ ખર્ચ (પ્લાન),/સ્થાયી ખર્ચ(નોન પ્લાન), આઈ.સી.એ.આર.,અધર એજન્સી, રીવોલ્વીંગ ફંડ, સહિતની તમામ યોજનાઓ સહીત વહીવટી, હિસાબી, શૈક્ષણિક બાબતોને લગતી એકેડેમીક/પરીક્ષાને લગતી ફાઈલો, રજીસ્ટરો, તાંત્રિક કામગીરીને સંલગ્ન તમામ રેકર્ડ, સેવાપોથીઓ, સ્ટોક અને સ્ટોર રજીસ્ટરો/લોગબુક/ડેડસ્ટોક/કન્ઝયુમેબલ રજીસ્ટરો/લેબોરેટરી ઈકવીપ્મેન્ટ/ ફાર્મ મશીનરી/ડેડસ્ટોક સાધનો તથા અન્ય તમામ ચીજ વસ્તુઓ તથા યોજનાઓના મંજુર થયેલ મહેકમના કર્મચારીઓ સહિત એસ.આર.એફ, જે.આર.એફ, આર.એ., સ્કીલ્ડ/અનસ્કીલ્ડ રોજમદારો સહિત તમામ **આચાર્ય અને ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારીની કચેરીને તબદીલ કરી અત્રે જાણ કરવાની રહેશે**.

૨ **આચાર્ય અને ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારી** તરફ જાણ તથા
૨/-ક્રમ-૧માં જણાવ્યા મુજબનો સંપૂર્ણ હવાલો મેળવી અત્રે જાણ કરવાની રહેશે.

૩ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી ઓફિસરશ્રીઓ તરફ જાણ સારુ..

૪ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ ઓફિસરશ્રીઓ તરફ જાણ સારુ..

૫ યુનિવર્સિટીના તમામ કોલેજ/પોલીટેકનીકના આચાર્યશ્રીઓ/ડીનશ્રીઓ તરફ જાણ સારુ..

૬ **સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** તરફ જાણ તથા આચાર્ય અને ડીનશ્રી, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના વિકાસ ખર્ચ (પ્લાન), આઈ.સી.એ.આર.,અધર એજન્સી, કચેરીની ગ્રાંન્ટ **આચાર્ય અને ડીનશ્રી,ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. , નવસારી** હવાલે મુકવાની રહેશે.

૭ વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી

૮ **હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** તરફ જાણ તથા આચાર્યશ્રી અને , અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના બાયોટેકનોલોજી વિભાગના વિકાસ ખર્ચ (પ્લાન),/સ્થાયી ખર્ચ,(નોન પ્લાન)આઈ.સી.એ.આર.,અધર એજન્સી, કચેરીની ગ્રાંન્ટ **આચાર્ય અને ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના** હવાલે મુકવાની રહેશે.

૯ **ડૉ. રીતેશ કનુભાઇ પટેલ, સહ પ્રાધ્યાપક તરફ તેમની કચેરીના વડા મારફત**

**નકલ રવાના:-**

૧ માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ

૨ અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારુ. (એકેડમીક/પરીક્ષા શાખા સહિત)

૨/૨